# –:: પરિપત્ર ::–

## વિષય :- વાહનોની હરાજી કરવા બાબત...

આથી યુનિવર્સિટીના નવસારી કેન્દ્રના તમામ યુનિટ / સબ યુનિટના વડાશ્રીઓને જણાવવાનુ કે, અત્રેની કચેરીની તા. ૧૮.૦૨.૨૦૨૦ની નોંધ પર મા.કુલપતિશ્રીની મંજૂરી મેળવી નીચેની કમિટી બનાવેલ છે. જે મુજબ અત્રેની કચેરીના વાહનો જાહેર હરાજીથી નિકાલ કરવાની કાર્યવાહી હાથ ધરવાની છે. જેથી યુનિવર્સિટીના અન્ય જે વિભાગમાં જૂના રદબાતલ થયેલ વાહનોનો નિકાલ કરવાનો હોય તો આ પરિપત્ર પ્રસિધ્ધ થયે વાહનની તમામ વિગતો, કચેરીના વડાનું નામ, મોબાઈલ નંબર, ઈમેલ એડ્રેસ વગેરે માહિતી અત્રેની કચેરીએ તા. ૨૯.૦૨.૨૦૨૦ સુધીમાં મોકલી આપવાની રહેશે. સદર માહિતી મુજબ અત્રેની આ સમિતિમાં જે કચેરીના વાહનોનો નિકાલ કરવાનો હોય, તે કચેરીના વડાનો કમિટીમાં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવશે. અને જ્યારે પણ આ કાર્યવાહી માટે મિટિંગ બોલાવવામાં આવશે ત્યારે બધા સભ્યોએ બિનચૂક હાજર રહેવાનુ રહેશે. જેથી હરાજીની આગળની ઘટતી કાર્યવાહી હાથ ધરી શકાય. સમય મર્યાદા વિત્યા પછી કોઈપણ કચેરીની ગાડીની હરાજીની કાર્યવાહી બાબત અત્રેની કચેરી હાથ પર લેશે નહિ. જેને ધ્યાને લેવા સર્વેને વિનંતી.

આ બાબતને ટોચ અગ્રિમતા આપવા વિનંતી છે.

| ક્રમ | અધિકારીનું નામ / હોદ્દો | કચેરી | નીમવામાં આવેલ હોદ્દો |
|---|---|---|---|
| ૧. | ડૉ. જે.બી. સોલંકી, આચાર્ય, પોલિટેકનિક ઇન એનિમલ હસબન્ડરી | વેટરનરી કોલેજ | અધ્યક્ષ |
| ૨. | શ્રી એ.એસ.સિંધી, નાયબ ઇજનેર | કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી | સભ્ય સચિવ |
| ૩. | શ્રી કે.એસ.ચૌધરી, ઇ/ચા મદદનીશ કુલસચિવ વહીવટ | કુલસચિવશ્રીની કચેરી | સભ્ય |
| ૪. | શ્રી સી.એન.પટેલ, હેડ ક્લાર્ક | કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી. | સભ્ય |
| ૫. | શ્રી એચ.ટી.પટેલ, સિનિયર ક્લાર્ક | વહીવટી-વ-હિસાબી અધિકારીની કચેરી | સભ્ય |
| ૬. | જે વિભાગના વાહનોનો નિકાલ કરવાનો હોય તે કચેરીના વડા | જે વિભાગના વાહનોનો નિકાલ કરવાનો હોય તે કચેરી | સભ્ય |

**જા.નં.ન.કૃ.યુ./કાઇ/બી-૫/૧૬૯૮-૧૭૦૩/૨૦૨૦**

**નવસારી** તા.૨૦ /૨/૨૦૨૦

કાર્યપાલક ઇજનેર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી